**CHAROTAR ENGLISH MEDIUM SCHOOL**
**FIRST TERM EXAM 2018-19**

**STD-3** **SUB- GUJARATI**

**DATE :24-10-2018** **MARKS-40**

---

***ANSWER KEY***

**પ્ર ૧(અ)નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો.**

**(૧) સિંહ ક્યા રેહતો હતો?**

જ= જં ગલમાં

**(૨) પંખી કયારે જાગે છે?**

જ= પરોઢિયે

**(૩) શંકર અને ઉમિયાને કેટલા દીકરા હતા?**

જ= બે

**(૪) દુનિયામાં સૌથી મોટું તીર્થ કયું છે?**

જ= માબાપ

**(૫) ચાંદલો ક્યાં ચમકે છે?**

**જ= આભમાં**

**(૬) છોડવાની આસપાસ કોણ રમે છે?**

જ= પાંદડાં ને ફૂલો

**(બ) ખાલીજગ્યા પૂરો.**

**(પવન, દાનત, સિંહ, મામા, વાદળ, પંખી)**

૧) એક બપોરે સિંહ ઊંઘતો હતો.

૨) વીજની આસપાસ વાદળ રમે.

૩) પરોઢિયે પંખી મીઠા ગાન ગાય છે.

૪) કાગડાની દાનત ખોટી હતી.

૫) કાર્તીકેય પવન ની જેમ દોડે.

૬) મામા મીઠાઈ લાવે.

**(ક) શબ્દોના અર્થ લખો**

૧. સોબત = સાથે રેહવું, સંગ

૨. જં ગલ= વન

૩. જબરો = બળવાન

૪. મોલ = પાક

૫. કાપણી = કાપવું તે

૬. આસપાસ = આજુબાજુ

૭. ચતુર = હોશિયાર

૮. છોરા = છોકરા, બાળકો

**પ્ર.૨ (અ) શબ્દોનો ઉપયોગ કરીને વાકય બનાવો**

૧) પંખી = પંખી આકાશમાં ઉડે છે.

૨) વનરાજ = સિંહ જં ગલનો રાજાછે.

૩) મદદ = ઉંદરે સિંહની મદદ કરી.

૪) ધરતી = ધરતી ઉપર ઘાસ ઉગે છે.

૫) આકાશ = આકાશમાં સૂરજ દેખાય છે.

૬) સૂરજ = સૂરજ સાંજે આથમે છે.

(બ) વિરોધી શબ્દો લખો

૧. નિરાશા×આશા　　　　　　３.દૂર×નજીક

૨. પહેલું× છેલ્લું　　　　　　૪. મોટુ×નાનું

(ક) સમાનાર્થી શબ્દો લખો.

૧.ઈશ્વર - ભગવાન　　　　　　૩.સાગર – સમુદ્ર

૨. સૂરજ – રવિ,સૂર્ય　　　　　　૪.આકાશ – આભ,નભ

પ્ર-3 (અ) ખૂટતોઅક્ષર લખો.

૧. ઢગલો (ટ, ઢ)　　　　　　૩. કપડા (પ,ષ)

૨. ઉપકાર (ઉ,મ)　　　　　　૪. શરીર (રી,ટી)

(બ) મૂળાક્ષરપરથી શરૂ થતાં બે શબ્દો લખો

૧.ચ = ચકલી, ચાંચ

૨.પ = પતંગ, પરોઢ

૩.ર = રમકડાં, રવિ

૪.મ = મરચું, મદદ

(ક) કાવ્ય પંક્તિ પૂર્ણકરો

હરતાં ફરતાં.......... સૌનોરક્ષણહાર

જ = હરતાં-ફરતાં કે નીંદરમાં ,
　　રાતે – દિવસે સાંજ – સવાર,
　　તારો અમને સાથ સદાયે,
　　તું છે સૌનો રક્ષણહાર.

પ્ર-૪(અ) કોઈ એક પ્રાણી વિશે પાંચ વાકયો લખો.

૧) હાથી

જ = હાથી એક વિશાળ પ્રાણી છે. હાથી જંગલમાં રહેછે. હાથી એક પાલતું જાનવર પણછે. એનું શરીર વિશાળ હોય છે. એના થાંભલા જેવા ચાર પગ હોય છે. સુપડા જેવા બે કાન હોયછે. તેને એક લાંબી સૂંઢ હોય છે. એક નાની પૂંછડી હોય છે. એની આંખો નાની હોય છે. હાથી ને બે મોટા દાંત હોય છે.

૨) સિંહ

જ = સિંહ એક જંગલી પ્રાણીછે. એનું શરીર ઘણું મજબુત હોયછે.એના ચાર પગ હોય છે. એનું માથું મોટું હોય છે. એની આંખો ચમકદાર હોય છે. સિંહને જંગલનો રાજા કહેછે.સિંહ માંસ ખાય છે.સિંહની દોડવાની ઝડપ ખૂબ જ હોય છે.એના પંજા ઘણા મજબુત હોયછે.સિંહ જંગલમાં જોવા મળેછે.

૩) ગાય

જ = ગાય એક ખૂબ જ ઉપયોગી પાલતૂ જાનવર છે. ગાય ને બે શીંગડા હોય છે. ગાય દૂધ આપે છે એના દૂધમાંથી ઘણી ચીજવસ્તુઓ બનેછે. ગાય એક પવિત્ર પશુ અને ભારતમાં એક દેવીની જેમ પૂજવામાં આવે છે. ગાય ને લોકો માતા માને છે. ગાય ખૂબ જ ઉપયોગી દૂધ આપનારું જાનવર છે.

(બ) પ્રશ્નોના જવાબ લખો

૧) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યા ?

જ= માતાપિતાને

૨) ઊંઘ બગવાથી સિંહે શું કર્યું?

જ= ઊંઘ બગવાથી સિંહે ઉંદર પર ગુસ્સો કર્યો.

૩) પરોઢીયે પંખી કોને ગાન ગાય છે?

જ= પરોઢીયે પંખી ઈશ્વરના ગાન ગાય છે.

૪) કાબરે ખેતરમાં શું વાવ્યું?

જ= કાબરે ખેતરમાં રુપાળો બાજરો વાવ્યો.

૫) સુરજનો તડકો કઈ ઋતુમાં ગમે?

જ= સુરજનો તડકો શિયાળાની ઋતુમાં ગમે છે.